**લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ**

***15/4/525 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર): માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧) (રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૧૫૫૨૦૪.૮૦ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૧૩૨૫૬૨.૬૯ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) (રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | જોગવાઈ | ફાળવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૧૫૫૨૦૪.૮૦ | ૧૪૧૧૯૯.૧૨ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૧૩૨૫૬૨.૬૯ | ૧૨૬૦૪૪.૩૭ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

(૩) (રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ | ખર્ચ | પરત ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૧૪૧૧૯૯.૧૨ | ૧૩૮૯૭૭.૮૧ | ૨૧૬૩.૫૧ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૧૨૬૦૪૪.૩૭ | ૧૨૫૮૨૮.૭૧ | ૨૧૫.૬૬ |

**વણવપરાયેલ ગ્રાન્ટના કારણો:**

1. નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં જીલ્લા તિજોરી કચેરી અમદાવાદ દ્વારા બિલનો અસ્વિકાર કરતા સદર જિલ્લા દ્વારા IND-1 બજેટ સદરે કુલ રૂ.૨૭૬.૦૦ લાખ, ભારત સરકારશ્રી દ્વારા એક પણ કલસ્ટર અરજીને મંજુરી આપવામાં આવેલ ન હોવાથી રૂ.૬૦૦.૦૦ લાખ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પુરતા પ્રમાણમાં પ્રચાર, પ્રસાર કરવા છતાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ કક્ષાના ઉદ્યોગકારો તરફથી પુરતા પ્રમાણમાં અરજીઓ મળેલ ન હોવાથી રૂ.૧૧૫૮.૦૦ લાખ, એમડીએ યોજના હેઠળ કોરોના પરિસ્થિતીના કારણે ઓછા પ્રદર્શન આયોજીત થયેલ હોઈ કુલ રૂ.૧૦૮.૩૯ લાખ ગ્રાન્ટ પરત કરેલ છે. આઉટસોર્સની મુળ મંજુરી ૧૨૮ની જગ્યાએ ૧૧૬ ની મળેલ હોવાને કારણે મેનપાવર રૂ.૧૦.૧૪ લાખ બચત રહેલ છે, કન્ટીજંસી ખર્ચમાં સ્ટાફની અછત હોવાના કારણે રૂ.૨.૦૪ લાખ બચત રહેલ છે, કર્મચારીઓના પગાર ભથ્થા બાબતે કચેરીની નિયમિત જગ્યાઓના ભરતી/બઢતીના નિયમો બનવાની પ્રક્રીયા ચાલુ હોય જગ્યાઓ ખાલી હોવાના કારણે રૂ.૭.૫૨ લાખ બચત રહેલ છે, MSEF Council માં નિયમાનુસાર ખર્ચ કરેલ હોવાથી બાકી રકમ રૂ.૧.૪૨ લાખ બચત રહેલ છે, આમ કુલ મળીને રૂ.૨૧૬૩.૫૧ લાખ પરત કરેલ છે.
2. નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૧૬૯.૦૦ લાખ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પુરતા પ્રમાણમાં પ્રચાર, પ્રસાર કરવા છતાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ કક્ષાના ઉદ્યોગકારો તરફથી પુરતા પ્રમાણમાં અરજીઓ મળેલ ન હોવાથી તથા આઈ.ટી ગ્રાન્ટમાં રૂ.૨૫.૦૦લાખ જોગવાઈ સામે રૂ. ૨૦.૯૩લાખ ઓબ્જેકટ હેડ સી–૨માં ફાળવવામાં આવેલ અને બાકીની રૂ.૧૯.૯૯ લાખની ગ્રાન્ટ પરત કરેલ છે, આઉટસોર્સ સેવાઓમાં વહીવટી મંજુરી મોડી મળતા રૂ. ૧૩.૭૬ લાખ બચત રહેલ છે, કર્મચારીઓના પગાર ભથ્થા બાબતે કચેરીની નિયમિત જગ્યાઓના ભરતી/બઢતીના નિયમો બનવાની પ્રક્રીયા ચાલુ હોય જગ્યાઓ ખાલી હોવાના કારણે રૂ.૧૨.૨૬ લાખ બચત રહેલ છે, MSEF Council માં લિગલ એક્ષપર્ટ છેલ્લા બિલની રકમ ગ્રાંટની બચત રકમ કરતા વધુ હોવાથી ગ્રાંટ રૂ.૦.૬૫ લાખ બચત રહેલ છે, આઈ–ટી ગ્રાંટ માટે કોમ્પ્યુટર્સ, કાર્ટીઝ ખરીદી તથા પેરીફેરલ ખરીદી, AMC, મેન પાવર સપોર્ટની કામગીરી ઈન્ડેક્ષ્ટ–બી મારફત કરવામાં આવે છે. તેથી બચત રહેલ ગ્રાંટ C-2 માં હોઈ ઈન્ડેક્ષ્ટ–બીના હવાલે મુકી શકાય તેમ ન હોવાથી સરન્ડર કરેલ હતી. આમ કુલ મળીને રૂ.૨૧૫.૬૬ લાખ પરત કરેલ છે.

------------------------